**નવસારી મહાનગરપાલિકા તથા પ્રદૂષણ વિભાગ "ઘોર નિંદ્રા"માં હોય તેમ મૌન ધારણ કરી બેઠા છે**

# ચોવીસીમાં 'શ્વાસ લેવો પણ ગુનો?'




**ચિમનીમાંથી** ઉઠતો ઝેરી ધુમાડો જાણે કોઈ ઔદ્યોગિક ઝોન હોય તેવો લાગે છે

**બાળકો,** વૃદ્ધો અને દમના દર્દીઓ માટે તો રોજિંદી જિંદગી સજા : સ્થાનિકો

નવસારી : નવસારીના ચોવીસી વિસ્તારમાં હવે સવારનો સૂર્ય પહેલા નથી ઊગતો, પહેલા બેકરીનો કાળો ધુમાડો ફેલાય છે! ચિમનીમાંથી ઉઠતો ઝેરી ધુમાડો આખા વિસ્તારમાં એવી રીતે છવાઈ જાય છે જાણે કોઈ ઔદ્યોગિક ઝોન હોય, અને નવસારી મહાનગરપાલિકા તથા પ્રદૂષણ વિભાગ જાણે "ઘોર નિંદ્રા"માં હોય તેમ મૌન ધારણ કરી બેઠા છે.

સ્થાનિકો સ્પષ્ટ કહે છે "બારી ખોલીએ તો ધુમાડો, બારી બંધ કરીએ તો ઘૂંટણ!" બાળકો, વૃદ્ધો અને દમના દર્દીઓ માટે તો રોજિંદી જિંદગી સજા સમાન બની ગઈ છે. આંખોમાં જળન, ગળામાં સળવળાટ અને શ્વાસ લેવામાં તકલીફ હવે સામાન્ય બાબત બની ગઈ છે, પરંતુ તંત્ર માટે કદાચ આ બધું કોઈ "રિપોર્ટેબલ ઈશ્યૂ" નથી! સીધો પ્રશ્ન છે કે પ્રદૂષણના નિયમો માત્ર કાગળ પર જ લાગુ પડે છે કે જમીન પર પણ? ફિલ્ટર, સ્ટાન્ડર્ડ, પરમિશન આ બધું ફાઈલોમાં જ સડતું રહેવાનું? કે પછી બેકરીને કોઈ "અદ્રશ્ય આશીર્વાદ" મળ્યો છે, જેથી ખુલ્લેઆમ ધુમાડો ઉગાડવાની છૂટ છે?

**વિકાસ કાગળ પર, પ્રદૂષણ રસ્તા પર**

શહેરમાં 'ગ્રીન સિટી', 'હેલ્થ સિટી' અને 'સ્માર્ટ સિટી'ના બોર્ડ મોટા ગાજે વાગે છે, પરંતુ ચોવીસી વિસ્તારમાં હકીકત એવી છે કે લોકો સ્વચ્છ હવા માટે નહીં, પણ "થોડી ઓછી ગંધ" માટે પ્રાર્થના કરે છે. વિકાસ કાગળ પર, પ્રદૂષણ રસ્તા પર, આ છે નવસારીના તંત્રની હકીકત!

**સમસ્યા સત્તાવાળાઓની બેદરકારી અને નિષ્ક્રિયતાની!**

હવે વિસ્તારના નાગરિકો ખુલ્લેઆમ ચેતવણી આપી રહ્યા છે કે જો તાત્કાલિક તપાસ, વૈજ્ઞાનિક માપન અને કડક કાર્યવાહી નહીં થાય, તો આ ધુમાડાથી થનારી દરેક બીમારીની જવાબદારી સીધી તંત્રની ગણાશે. કારણકે અહીં સમસ્યા માત્ર બેકરીની નથી, સમસ્યા છે સત્તાવાળાઓની બેદરકારી અને નિષ્ક્રિયતાની!

# ડાંગ આયુર્વેદિક ફાર્મસી મંડળીને મંત્રી હવે લાયકાતવાળા જ જોઈએ!

**મંડળીએ** જાહેરાત પ્રસિદ્ધ કરાવતા સભાસદો, લોકોમાં ભારે રોષ, અત્યાર સુધીના મંત્રી માટે લાયકાત જરૂરી નહોતી?

સાપુતારા: ડાંગ જિલ્લા આયુર્વેદિક સહકારી મંડળી છેલ્લા ઘણાં સમયથી ગેરરીતિઓ અને વહીવટી ગરબડીઓમાં રહ્યા બાદ હવે મંત્રી પદ માટે કરાયેલી જાહેરાતે પ્રશ્નો ઊભા કર્યા છે. જાહેરાતમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત, કો-ઓપરેટિવ મેનેજમેન્ટમાં અનુભવ, ગુજરાતી-અંગ્રેજી ટાઈપિંગ તથા કમ્પ્યુટર જ્ઞાન જેવી કડક શરતો મુકવામાં આવી છે. ડાંગ જિલ્લા આયુર્વેદિક સહકારી મંડળી માટે મોટો સવાલ એ છે કે તત્કાલીન મંત્રી આટલી લાયકાત અને અનુભવ ધરાવતા હતા કે કેમ? અને જો ધરાવતા ન હતા, તો કયા આધાર પર તેમને મંત્રી તરીકે બેસાડવામાં આવ્યા હતા?

જાહેરાત મુજબ ઉમેદવાર પાસે સહકારી સંસ્થામાં ૧૦ વર્ષનો અનુભવ ફરજિયાત જણાવાયું છે. તો શું અગાઉના મંત્રી પાસે આ અનુભવ હતો? જો ન હતો, તો તે સમયગાળા દરમિયાન મંડળીની કામગીરી પર નજર રાખનાર સત્તાધીશો ક્યાં હતા? વધુમાં, ઉંમર મર્યાદા, પગાર ધોરણ અને ટેકનિકલ જ્ઞાન જેવી બાબતો હવે યાદ આવી છે, પરંતુ વર્ષો સુધી મંડળીમાં ચાલતી ગેરરીતિઓ વખતે આ ધારા ધોરણો કેમ લાગુ ન પડ્યા? એવો પણ પ્રશ્ન સભાસદોમાં ઉઠી રહ્યો છે કે શું વિવાદો બહાર આવ્યા બાદ હવે બચાવરૂપે નિયમોની ઢાલ ઉભી કરવામાં આવી રહી છે?

**પ્રમુખ અને હિસાબનીશ માટે લાયકાતવાળી જાહેરાત કેમ નહીં?**

હવે સવાલ એ છે કે અગાઉની નિમણૂક માટે જવાબદાર કોણ? વિવાદો પછી જ નિયમો યાદ આવવાનું કારણ શું? શું જવાબદારો સામે કાર્યવાહી થશે કે ફક્ત જાહેરાતથી વાત ઠરી જશે? જાહેરાત બહાર પાડવાથી મુદ્દો પૂર્ણ થતો નથી, પરંતુ ભૂતકાળની ભૂલો માટે જવાબદારી નક્કી થાય ત્યારે જ સાચો ન્યાય થશે એવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે. સાથે મંત્રી પદ માટે જાહેરાત પાડવામાં આવી તો પ્રમુખ અને હિસાબનીશ પદ માટે લાયકાતવાળી જાહેરાત કેમ નહીં જે પણ ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.

# ભીલાડ રેલવે અંડરપાસનું કામ ફરી શરૂ થશે

**રેલ્વે** અન્ડર પાસના નિર્માણથી ટ્રાફિકની સમસ્યાથી હજારો વાહન ચાલકોને મોટી રાહત મળશે


ઉમેશ સોલંકી

ઉમરગામ : ભીલાડ રેલવે અંડરપાસની લાંબા સમયથી અટવાયેલી કામગીરી ફરી શરૂ થવાના સંકેતો મળ્યા છે.

ભીલાડ રેલવે ગરનાળાની બાજુમાં રેલવે અન્ડર પાસ નિર્માણની મહત્વની કામગીરી કોઈક કારણોસર છેલ્લા થોડા વખતથી અટવાઈ હતી. અને આ અધુરી કામગીરી ક્યારે પૂર્ણ થશે તેની આતુરતાથી રાહ જોવાતી હતી. થોડા મહિના પહેલા ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો નિરવભાઈ શાહે સમગ્ર હકીકતથી સાંસદ ધવલભાઈ પટેલને વાકેફ કર્યા હતા અને કામ વહેલી તકે શરૂ કરવા રજૂઆત કરી હતી. ત્યારબાદ સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા રેલ્વે વિભાગને એજન્સી આ કામ ઝડપથી શરૂ કરવા અને પૂરું કરવા જણાવવામાં આવ્યું હતું. ભીલાડ રેલવે અન્ડરપાસનુ લાંબા સમયથી અધુરુ અટવાયેલું કામ ફરી શરૂ થવાના સંકેતો મળ્યા છે. હાલમાં સેન્ટર માર્કિંગની સાથે કામગીરી શરૂ કરવા સંકેતો મળ્યા છે. આ રેલ્વે અન્ડર પાસના નિર્માણથી ટ્રાફિકની સમસ્યાથી હજારો વાહન ચાલકોને મોટી રાહત મળશે. ભીલાડ રેલવે અંડર પાસનુ બાકી કામ વહેલી તકે પૂર્ણ થાય તેવી લાગણી લોકો વાહન ચાલકોમાં જોવા મળી રહી છે.

**ટાંકલમાં શેરડી ભરેલા ટ્રેક્ટરના જોખમી સ્ટંટનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ**


ધર્મેશ પટેલ

■ ઘેજ : ચીખલીના ટાંકલ ગામે શેરડીથી ખીચોખીચ ભરેલું એક ટ્રેક્ટર પસાર થઈ રહ્યું હતું. દરમ્યાન ટ્રેક્ટરના ડ્રાઇવરે સ્પોર્ટ્સ બાઇકની જેમ આગળના બંને ટાયર હવામાં અધ્ધર કરી હંકારતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. વિડીયોમાં ટ્રેક્ટરમાં ક્ષમતા કરતા વધુ શેરડી ભરેલી હોય અને ટ્રેક્ટર ઓવરલોડ ચાલી રહ્યું છે. તેમ છતાં ડ્રાઈવરે ટ્રેક્ટરના આગળના ભાગને રોડથી ઊંચો કરી બે ટાયર પર ટ્રેક્ટર ચલાવીને સ્ટંટ કરતા વાહનચાલકો આ દ્રશ્ય જોઈને ફફડી ઉઠ્યા હતા.

# એક રાત અનેક સવાલ, ગેંગરેપની ઘટનાથી સમગ્ર પંથકમાં ચિંતા

**ભાઇ** અને પિતા નોકરી પર જતાં હોવાથી સગીરા ઘરે એકલી જ રહેતી હતી

**ઘરે** બાળકીઓને એકલી મૂકીને કામ પર જતાં માતા-પિતામાં ચિંતાનો માહોલ

નવસારી : વાંસદામાં બનેલી ગેંગરેપની ઘટનાએ સમગ્ર વિસ્તારને ઝંઝોળીને મૂકી દીધો છે. આ ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ખાસ વાત એ છે કે, અહીંના પંથકમાં અનેક ઘરોમાં માતા-પિતા કમાણી કરવા બહાર જતાં હોય છે અને દીકરીઓ ઘરે હોય છે.

જ્યાં ઘટના બની છે તેની વાત કરીએ તો આ ગામને વાંસદા પંથકનું શાંત ગામ ગણવામાં આવે છે. પીડિત પરિવારની વાત કરીએ તો આ પતિ-પત્ની અને ત્રણ સંતાનો સાથે રહે છે. પતિ અને મોટો દીકરો રોજગાર માટે નજીકના ગામમાં મજૂરી કરે છે, જ્યારે વચલી દીકરી (સગીરા) ક્યારેક તેમની સાથે કામે જાય છે અને ક્યારેક ઘરે રહે છે. માતા તાજેતરના ઓપરેશનને કારણે ઘરેથી જ રહેતી હતી. આ ઘટના બની તે દિવસે સાંજ પડતાં પતિ અને દીકરો કામ પરથી પરત ફર્યા, ભોજન કર્યા અને સૂઈ ગયા. પરંતુ રાત્રિના અંદાજે 10:30 વાગ્યે પરિવારને ખબર પડી કે દીકરી પથારીમાં નથી. ઘરની આજુબાજુ, પડોશમાં અને ગામમાં શોધખોળ શરૂ થઈ. ઓળખીતાઓને ફોન કર્યા, પૂછપરછ થઈ, પરંતુ કોઈ માહિતી મળી ન આવી. રાત લાંબી હતી અને ચિંતા ભારે; કામથી થાકેલા પિતાએ અનિચ્છાએ રાત પસાર કરી. જો કે દિકરીએ તેની સાથે થયેલી આપવિતી જણાવતા પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. જેથી તરત જ ગામના સરપંચ અને સગા સંબંધીઓને જાણ કરવામાં આવી હતી. નવસારી એલસીબીએ પણ ગણતરીના કલાકોમાં જ કુલ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી. તપાસ દરમિયાન એક આરોપી સગીર હોવાનું પણ બહાર આવ્યું છે. સગીર આરોપીને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.



**ઘટનાની સાથે સાથે**

**1 સંડોવાયેલા વ્યક્તિઓ અને સ્થળોની માહિતી**

ઘટનામાં સંડોવાયેલો આરોપીઓ આ પંથકના જ છે જેમાંથી બે તો તેના ઓળખીતા હતા અને સગીર પણ આ કેસમાં સંડોવાયો તે ચોંકાવનારુ પાસુ છે.

**2 મળસ્કે સગીરા ઘરે પહોંચી ત્યારે ઘર બંધ હતું**

દીકરીએ જણાવ્યું કે ઘટના બાદ રાત્રિના અંતિમ કલાકોમાં તે ઘરની નજીક પહોંચી હતી, પરંતુ ઘર બંધ હોવાથી નજીક જ રહી હતી.

**3 સગીરને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો**

સગીર આરોપીને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની કાર્યવાહી ચાલી રહી છે. કેસની તપાસ અને પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા ચાલુ છે.

**તંત્ર સામે સવાલો નાઇટ પેટ્રોલિંગનું શું?**

નવસારી : વાંસદા પંથકમાં સગીરા સાથે બનેલી ઘટના માત્ર ગુનાની નોંધ નથી, પરંતુ સમગ્ર સુરક્ષા વ્યવસ્થાની નિષ્ફળતાનો કડવો પુરાવો છે. શાંત અને સુરક્ષિત ગણાતા ગામમાં રાત્રિના અંધકારમાં દીકરી લાપતા થાય, પરિવાર અને ગામ આખું શોધખોળ કરે, છતાં પોલીસ પેટ્રોલિંગ, રાત્રી પહેરો કે દેખરેખ ક્યાંય નજરે ન પડે - આ સ્થિતિ ગંભીર બેદરકારી દર્શાવે છે. લોકો સીધો સવાલ કરી રહ્યા છે - પેટ્રોલિંગ ક્યાં હતું? ગામમાં રાત્રી પહેરો કેમ નહોતો? લાઈટિંગ અને સીસીટીવી જેવી મૂળભૂત વ્યવસ્થાઓ કેમ ન હતી? શું નાબાલિકોની સુરક્ષા માત્ર કાગળ પર જ છે?

**એક ચેતવણી, એક જવાબદારી: વાંસદા ઘટનાએ દીકરીઓની સુરક્ષા પર સમાજને જગાવ્યો**

નવસારી : વાંસદા પંથકમાં બનેલી ઘટનાએ દરેક પરિવારને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દીકરીઓની સુરક્ષા હવે માત્ર વિશ્વાસ પર નહીં, જાગૃત સાવચેતી પર આધારિત હોવી જોઈએ. નિષ્ણાતો કહે છે કે માતા-પિતાએ બાળકોના સમય, સ્થળ અને સંગત અંગે સચેત રહેવું જરૂરી છે. મોબાઈલ સંપર્ક, સમયસર જાણકારી અને લોકેશન શેરિંગ જેવી ટેવો દૈનિક જીવનનો ભાગ બનવી જોઈએ. પડોશી અને સમુદાય સાથે સહકાર મજબૂત રાખવો, શંકાસ્પદ હલચલ જણાય તો તરત જાણ કરવી અને ઘરની આસપાસ પૂરતું લાઇટિંગ રાખવું પણ જરૂરી છે. વાંસદા ઘટના યાદ અપાવે છે - દીકરીઓની સુરક્ષા પરિવાર અને સમાજની સંયુક્ત જવાબદારી છે.

# રિવોલ્વરમાંથી ગોળી છૂટતા જમીન દલાલ ઘાયલ

**છાપરા** દાંતેજ વિસ્તારની ઘટનામાં ઈજાગ્રસ્ત પ્રકાશભાઈ કથીરિયા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

નવસારી: શહેરના એરુ-હાસાપોર રોડ પર આવેલા અવધ બંગ્લોઝમાં રહેતા અને જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા 50 વર્ષીય પ્રકાશભાઈ વાલજીભાઈ કથીરિયા નાણાકીય લેતીદેતીની ચર્ચા દરમિયાન ગોળી વાગવાથી ઘાયલ થયા હતા.

મળતી માહિતી મુજબ, ગત રાત્રિએ પ્રકાશભાઈએ નાણાકીય બાબતે ચર્ચા કરવા માટે મિત્રો અને પરિચિતોને છાપરા દાંતેજ વિસ્તારમાં બોલાવ્યા હતા. આ દરમિયાન અચાનક રિવોલ્વરમાંથી ગોળી છૂટી જતાં પ્રકાશભાઈના પગની જાંઘના ભાગે ગંભીર ઈજા થઈ હતી. લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક સાંઢકુવા નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો હોસ્પિટલ અને ઘટના સ્થળે પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ બનાવ અકસ્માતજન્ય હોવાનું જણાઈ રહ્યું છે, જોકે પોલીસે રિવોલ્વરના પરવાના અને ઘટનાના ચોક્કસ કારણો અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

# જમીન સમતલ કરવાની આડમાં વૃક્ષ છેદન

ઢોલુમ્બર ગામમાં **વન** વિભાગે તપાસ કરી ખેરના લાકડાનો જથ્થો કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી

ઘેજ : ચીખલી તાલુકાના ઢોલુમ્બર ગામમાં જમીન સમતલ કરવાના નામે ઈમારતી, બિન ઈમારતી વૃક્ષોનું મોટાપાયે નિકંદન થતું હોવાના અખબારી અહેવાલ બાદ વન વિભાગના સ્ટાફે ગામમાં તપાસ હાથ ધરી હતી. જેમાં બ્લોક નંબર ૯૪૩ વાળી જમીનમાંથી ખેરના વૃક્ષના ખૂંટ નંગ-૧૬ નો ૦.૬૧૦ ઘન મીટરનો ૨૪,૦૯૫ રૂપિયાનો જથ્થો કબ્જે કરી નિશાળ ફળીયાના ખાતેદાર શંકર પટેલ સામે કાર્યવાહી કરી હતી. સમગ્ર મામલે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ગાંધારીની ભૂમિકા ભજવી રહ્યા છે. અને જ્યાં ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ત્યાં ઈમારતી-બિન ઈમારતી વૃક્ષોનું મોટાપાયે નિકંદન કરી પુરાવાનો નાશ કરવા માટે કપાયેલા ઝાડોના થડને પણ સળગાવી દેવામાં આવ્યા હતા.

**અમે ખોદકામ બંધ કરાવી દીધેલું છે**

ઢોલુમ્બરના તલાટી કમ મંત્રી સુરેશભાઇના જણાવ્યાનુસાર ગ્રામ પંચાયત દ્વારા જમીન સમતલ કરવા માટે ઠરાવ આપવામાં આવેલો છે. તે પૈકી એકની રોયલ્ટી છે. જ્યારે બીજાની પ્રક્રિયા હેઠળ હોય અમે તમામનું ખોદકામ બંધ કરાવી દીધેલું છે. અને ખાણ ખનીજ વિભાગને પણ જાણ કરેલી છે.

# સાપુતારામાં રોપ-વેમાં ખામી સર્જાતા પ્રવાસીઓ ફસાયા

**NDRF** અને વહીવટી તંત્ર દ્વારા મોકડ્રિલ યોજી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું


ગિરીશ ભોયે

સાપુતારા: સાપુતારા ખાતે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા એક વિશેષ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. સાપુતારામાં પ્રવાસીઓ માટે રોપ-વે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. જો કે, ક્યારેક ટેકનિકલ ખામી સર્જાય અથવા કોઈ અનિચ્છનીય આપતકાલીન સ્થિતિ ઊભી થાય, ત્યારે હવામાં લટકેલી ટ્રોલીઓમાંથી પ્રવાસીઓને સુરક્ષિત રીતે કેવી રીતે બહાર કાઢવા, તે માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન સાધવાનો અને પ્રતિસાદ સમય (Response Time) ચકાસવાનો હતો. આ મોકડ્રિલ માટે વડોદરાથી એન.ડી.આર.એફ. (NDRF) ની ખાસ ટીમ સાપુતારા આવી પહોંચી હતી. NDRF ના જવાનોએ અત્યાધુનિક સાધનોની મદદથી હવામાં ફસાયેલા પ્રવાસીઓને સુરક્ષિત રીતે નીચે ઉતારવાનું નિદર્શન કર્યું હતું. જવાનોની આ દિલધડક કામગીરી જોઈ પ્રવાસીઓ પણ અચંબિત થઈ ગયા હતા. આ સમગ્ર ઓપરેશન દરમિયાન સ્થાનિક વહીવટી તંત્ર સંપૂર્ણપણે સતર્ક જોવા મળ્યું હતું. આ કાર્યક્રમમાં સાપુતારા નોટિફાઇડ અધિકારી, ડિઝાસ્ટર મામલતદાર, સ્થાનિક પોલીસ કાફલો વગેરે અધિકારીઓ હાજર રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


કોઈ આપે કોઈપણ સ્કીમ કે ભાવમાં ડીસ્કાઉન્ટ
સૌથી સસ્તુ તો આપે એક જ
આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો. 9825558181
916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ
₹1,20,750 પ્રતિ 10 ગ્રામ